step up to quality

# નાનાગોખરવાળા પ્રાથમિક શાળા
## તા.જિ.-અમરેલી

# સુસ્વાગતમ

# બાળ મેળા આયોજન ડોક્યુમેન્ટ કેમ તૈયાર કરશો

# બાળ મેળો કરતા પહેલા

- આચાર્ય સાથે બેઠક કરવી
- સ્ટાફ મીટીંગ કરવી
- કઇ કઇ પ્રવૃત્તિ કરાવશું ?
- કેટલા વિભાગ હશે ?
- સ્થાનિક પર્યાવરણ માંથી શું મળશે ?

- કોણ લાવશે ?
- કેટલી સામગ્રીની જરૂર પડશે ?
- કેટલા બાળકોનું ગ્રુપ બનાવવું ?
- આમંત્રણ કાર્ડ તૈયાર કરવા
- કોને આમંત્રણ આપીશું ?

- ફોટો ગ્રાફી કોણ કરશે ?
- બજારમાંથી શું લાવવું તેની યાદી બનાવવી
- સમય પત્રક બનાવવું
- ડોક્યુમેન્ટ કોણ તૈયાર કરશે ?

# બાળમેળાના દિવસે

- **સામગ્રી વિભાગ મુજબ ગોઠવાઈ ગઈ ?**
- મુખ્ય મહેમાન આવી ગયા ?
- **બાળકોને  ગ્રુપ મુજબ બેસાડ્યા  ?**
- બાળમેલાનું ઉદઘાટન કાર્ય
- **ફોટો ગ્રાફી  વ્યવસ્થા થઇ  ?**
- મહેમાનો ,વાલી ,મુલાકાતી પાસે  અભિપ્રાય લખાવો

# બાળ મેળો પૂર્ણ થાય પછી

- બધી સામગ્રી જેતે વ્યક્તિ ને પહોચાડો
- બજારમાંથી ખરીદેલ સામગ્રી શાળામાં રાખો
- ૫૦૦ રૂપિયાના બીલ આચાર્ય ને આપો
- ફોટા સિલેક્ટ કરો
- સીડી બનાવો
- અહેવાલ લખો
- પ્રેસનોટ અખબારમાં આપો
- બી.આર.સી. મારફત ડાયેટ ને મોકલો

# ડોક્યુમેન્ટ માં શું શું ?

- શુભેચ્છા
- પ્રસ્તાવના
- મુખ્ય હેતુઓ
- કાર્યક્રમ દરમ્યાન કરેલ પ્રવૃત્તિ ઓ
- બાળમેળાની પ્રવૃતિઓ  તસ્વીરોમાં

- બાળમેળાના પ્રતિભાવો બાળકોના
- વાલીઓના પ્રતિભાવો
- એસ.એમ.સી.નાં પ્રતિભાવો
- મહાનુભાવોની મુલાકાત
- મોનીટરીંગ ટીમ નો પ્રતિભાવ
- બાળમેળો અખબારની આંખે

# ફોટો ગ્રાફી  કેવી રીતે કરવી ?










Life SKill





# ફોટોગ્રાફી આવી હોય






HFL
D.24.6.15




પ્રવેશ
નાનાગોખરવાળા પ્રા. શાળા
• તા:અમરેલી •
આપનું હાર્દિક સ્વાગત કરેછે.

# નમુનાઓ .....






અમરેલી સીટી

## અમરેલી પંથકની નાના ગોખરવાળા પ્રા.શાળામાં કૌશલ્ય દર્પણ બાળમેળો

■ છાત્રોએ 14 વિભાગોમાં ભાગ લઇ પ્રવૃતિ કરી

ભાસ્કર ન્યૂઝ. અમરેલી

અમરેલી તાબાનાં નાના ગોખરવાળા પ્રાથમિક શાળાં ખાતે કૌશલ્ય દર્પણ બાળમેળાની ઉજવણી કરવામા આવી હતી. અહી જુદાજુદા 14 વિભાગોમાં બાળકોએ પ્રવૃતિઓ કરી હતી.

શાળામાં પ્રાથમિક શિક્ષણ ગુણવતા અભિવૃધ્ધિ માટેના નાવિન્યપુર્ણ કાર્યક્રમોની ઉજવણી થતી હોય છે જે અંતર્ગત નાના ગોખરવાળા પ્રાથમિક શાળા ખાતે કૌશલ્ય દર્પણ બાળમેળાની ઉજવણી કરવામા આવી હતી. અહી શિક્ષક હરેશભાઇ ગોહેલના માર્ગદર્શન તળે ધોરણ 1 થી 5ના બાળકોએ બે ગૃપમા વહેંચાઇને કાગળના માવામાથી રમકડા, ફુગ્ગાથી છાપકામ, ચિત્રકામ, રંગપુરણી, ચીટકકામ, મહેંદીકલા, કોયડા ઉકેલ, પર્ણમાથી સર્જન વિગેરે પ્રવૃતિઓમાં ભાગ લીધો હતો. આ ઉપંરાંત ચાલો શીખીએમા તોલમાપ, ગેસનુ રેગ્યુલેટર ચડાવવુ, હોલ્ડરમા લેમ્પ ચડાવવો, સ્વજાગૃતિ સુશોભનમાં તોરણ, બુકે બનાવવા તેમજ મુક અભિનય, પપેટ શો, પર્યાવરણ જાણોમા બગીચાની મુલાકાત, વૃક્ષ પરિચય, વાચન લેખન અવલોકનમા ફિલ્મ દર્શન અને શબ્દનુ જાળુ જેવી પ્રવૃતિઓ કરી હતી. આ ઉપરાંત અહી બાળકોએ સાહસિક રમતોમા પણ ભાગ લીધો હતો. બાળમેળામા એસએમસીના સભ્ય, સીઆરસી કો.ઓ. એન.એમ.માધડ તેમજ વાલીઓ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

ધો.1થી 5નાં બાળકોએ બે ગૃપ બનાવી કાગળનાં માવામાંથી રમકડા, રંગપૂર્ણિ, મહેંદીકલા, કોયડા ઉકેલ જેવી કૃતિઓ રંજૂ કરી હતી. • ભાસ્કર

# NANAGOKHARWALA PRIMMARY SCHOOL- DIST: AMRELI

DATE:- 16 / 2 2 0 1 6

## बाळमेळा प्रतिभाव

અમે બાળમેળામા સવારના દસ ~~વાગીએ~~ વાગ્યા થી સાંજે પાચ ના બદલે
છ વાગી ગયા અને બપોરે રીસેશ કેન્સલ કરી અમે સૌ પ્રવૃતિ મા
મશગૂલ થઈ ગયા ખૂબ મજા આવી આપતી નુ પ્રદર્શન ખૂબ સારુ હતુ
સાહસ મા દોરડા પર ચાલવાનુ અને ચડવાનુ શકિત ની ખબર પડી
જુદા જુદા સ્તર વિભાગ મા કામ કરવાની મજા આવી દરેશ સર નો હોય
તો આવી મજા નો આવે

હરિકૃષ્ણ યુગ સાંગાણી
ધો. 5

## અહેવાલ

શ્રી કોદિયા પ્રા. શાળા
તા: ખાંભા
જિ: અમરેલી
તા: 16/2/2016

### -: બાલમેળો તથા લાઈફસ્કીલ :-

આજરોજ તા: 16/2/2016 ને મંગળવાર ના રોજ શ્રી કોદિયા પ્રા. શાળા ની અંદર અગાઉ ના પૂર્વ આયોજન સાથે ધોરણ 1 થી 5 માટે બાલમેળો તથા ધોરણ-6 થી 8 માટે લાઈફ-સ્કીલ મેળાનુ આયોજન કરવામાં આવેલ તેમાં સૌ પ્રથમ તો શાળા ની સફાઈ કાર્ય થી શરૂઆત કરેલ ત્યારબાદ પ્રાર્થનાસભા કરવામાં આવેલ તેમાં પ્રથમ સેશન ની અંદર વિદ્યાર્થીઓ દ્વારા વાર્તાઓ, ટૂચકાઓ, જોડકણાઓ, ઉખાણાઓ, બાળગીતો, એકપાત્રીય અભિનય જેવી પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવેલ તેમજ મધ્યાહ્ન ભોજન બાદ ધોરણ 1 થી 5 માટે બાલમેળાનુ આયોજન કરવામાં આવેલ હતું. તેમાં જુદા-જુદા વિભાગો પાડવામાં આવેલ હતા. તેમાં માટીકામ, કાતરકામ, કાગળકામ, ચીટકકામ, રંગપૂરણી, બાળરમતો વિગેરે બાળકો દ્વારા યોજવામાં આવેલ હતું. તેમજ ધોરણ- 6 થી 8 માટે લાઈફ સ્કીલ (જીવન કૌશલ્ય મેળામાં) પણ સાથે સાથે યોજવામાં આવેલ જેમાં વિદ્યાર્થીનીઓ માટે મહેંદી સ્પર્ધા યોજવામાં આવેલ હતી.

સર્જનાત્મક પ્રવૃત્તિઓ જેવી કે. કાગળકામ માંથી હોડી, ટોપી, રમકડા, ફૂલો પૂંઠામાંથી ઘર બનાવવા તેમજ સુશોભન કરવું તથા ભૌમિતિક આકારો બનાવવા તેમાંથી ડિઝાઈન બનાવવા તેમજ ચિત્રકામ કરેલ તથા સ્વચ્છતા સુશોભન સ્વચ્છતાની અંદર વર્ગખંડો શણગારવા, આસોપાલવ ના તોરણ બનાવવા, તથા ફ્યૂઝ બાંધવા તથા સાયકલ માં પંચર કરતા શીખવ્યું. તથા ઊનમાંથી વિવિધ નમૂનાઓ બનાવવા જેવા કે રાખડી, પર્સ, તોરણ વિગેરે પ્રવૃત્તિઓ શાળા દ્વારા યોજવામાં આવેલ હતી.

(સહી)
**આચાર્ય શ્રી,**
**કોદીયા પ્રા. શાળા**
**તા. ખાંભા, જી. અમરેલી**

---

કરકોલિયા પ્રાથમિક શાળા તા.લાઠી જી.અમરેલી

## શ્રી કરકોલિયા પ્રા. શાળા, તા. લાઠી જિ. અમરેલી

### લાઈફ સ્કીલ મેળો - ૨૦૧૬ અહેવાલ

તા. ૧૬ - ૨ - ૧૬

આજરોજ તા. ૧૬/૨/૧૬ ને મંગળવારના રોજ શ્રી કરકોલિયા પ્રા. શાળા ખાતે લાઈફ સ્કીલ મેળો-૨૦૧૬ યોજવામાં આવ્યો. જેમાં ધો. ૬ થી ૮ ના કુલ ૪૨ બાળકોએ હોંશભેર ભાગ લીધો. સમગ્ર દિવસ દરમ્યાન વિવિધ ગ્રુપો બનાવીને નીચે મુજબની જુદી-જુદી પ્રવૃત્તિઓ કે જે આપણા રોજિંદા જીવનમાં ઉપયોગી થાય છે તે કરવામાં આવી.

સવારના સેશનમાં બાળકોએ વર્ગખંડની સફાઈ, વર્ગ સુશોભન, ભૌમિતિક આકારો પરથી ચિત્રો દોરવા, બુલેટીન બોર્ડ બનાવવુ, વનસ્પતિના પર્ણોની મદદથી ચિત્રો તૈયાર કરવા, કાગળકામ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી.

બપોરના સેશનમાં ટાયર પંચર કરવુ, ફ્યુઝ બાંધવો, વજન કરવો, પડીકા વાળવા, કુકરનુ ઢાંકણું બંધ કરવું, પુસ્તકોને પૂંઠા ચડાવવા, ચિટકકામ, બટન ટાંકવું, સિલાઈ કરવી વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામાં બાળકોને ખૂબ જ મજા પડી.

બપોર પછીના સેશનમાં વિજ્ઞાનના પ્રયોગો, ક્યારામાં છોડ ગોઠવવા, કુંડાની માવજત, વૃક્ષોને ગેરૂ-ચૂનો કરવો, ખાતર નાખવું, વેસ્ટ માંથી બેસ્ટની પ્રવૃત્તિઓ, કોથળા દોડ, સાથી દોડ, લોટફૂંકણી, સ્લો સાયકલિંગ સ્પર્ધા, મેંદી મૂકવી જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી. જેવી રમતો,

કાર્યક્રમને અંતે સાંજે ૫:૦૦ કલાકે તમામ બાળકોને બિસ્કીટનો નાસ્તો કરાવવામાં આવ્યો.

(સહી)
**આચાર્ય**
**કરકોલિયા પ્રાથમિક શાળા**
**તા.લાઠી જિ.અમરેલી**

જા.નં./ભેંપ્રાશા/ ૩૯૨ /૧૬
શ્રી ભેંસવડી પ્રાથમિક શાળા,
તા.લીલિયા, જિ.-અમરેલી.
તા.૧૮/૦૨/૨૦૧૬.

bhensavadipri.school@gmail.com

પ્રતિ,
બી.આર.સી.કો.ઓ.શ્રી,
બી.આર.સી.ભવન,
લીલિયા.

મારફત :-સી.આર.સી.કો.ઓ.શ્રી,-કુમાર શાળા-લીલિયા.

વિષય :-શાળા કક્ષાએ બાળમેળા અને લાઇફ સ્કીલમેળાના આયોજન બાબત.
સંદર્ભ :-મે.જિ.પ્રો.કો.ઓ.સા.શ્રી,અમરેલી તથા પ્રાચાર્યશ્રી,જિ.શિ.અને તા.ભવન, અમરેલીના પત્ર ક્રમાંક:જશભ/ડબલ્યુ ઇ/બાળમેળા/૧૫-૧૬/૪૫૩-૮૮ તા.૨૯/૧/૧૬

જયભારત સાથ ઉકત વિષય અન્વયે સંદર્ભમાં જણાવ્યા અનુસાર અત્રેની ભેંસવડી પ્રા.શાળામાં તા.૧૬/૦૨/૨૦૧૬ને મંગળવારના રોજ બાળમેળા અને લાઇફ સ્કીલમેળાનાં આયોજન કરવામાં આવેલ.શાળા પરિવાર તેમજ એસ.એમ.સી.ના સભ્યો હાજર રહયા અને બાળકોની વિવિધ પ્રવૃતિ નીહાળી બાળકોને પ્રોત્સાહીત કરેલ.જીવન કૌશલ્યમેળામાં ઘો.૬ થી ૮ ના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

વિદ્યાર્થીઓ રોજિંદા જીવનના પડકારો હકારાત્મકતાથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરીયાતોને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરી શકે તે હેતુ સિધ્ધ કરવા નમ્ર પ્રયાસ કરવામાં આવેલ.જીવન કૌશલ્ય થકી વિદ્યાર્થીની શારીરિક અને માનસિક ક્ષમતાને ખીલવી તેમના વ્યકિતત્વની સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ,સફળ,સુખમય અને શાંતિમય જીવન જીવતા શીખે તે બાબતને ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃતિ કરવામાં આવી.વિવિધ પ્રવૃતિથી વિદ્યાર્થીનું વાસ્તવિક જીવન સાથે અનુબંધ જોડાશે તેમજ વધુ ઉન્નત અને બહેતર જીવન જીવવા તૈયાર થાય તે બાબતે વિશેષ ધ્યાન રાખવામાં આવેલ.

કાર્યક્રમમાં ઘો.૬ થી ૮ ના વિદ્યાર્થી દ્વારા અલગ-અલગ વિભાગો (આઠ) દ્વારા કાર્યક્રમને વહેંચવામાં આવેલ.(૧)સર્જનાત્મક પ્રવૃતિ,(૨)સ્વ જાગૃતિ-સુશોભન-સ્વચ્છતા, (૩)ચાલો શિખીએ, (૪)હળવાશની પળોમાં, (૫) પર્યાવરણને જાણો માણો અને જાળવો, (૬)વાચન,લેખન,અવલોકન, (૭)સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલ, (૮)સમૂહજીવન અને બાલપ્રદર્શન જેવા વિભાગોની અનેક પ્રવૃતિમાં બાળકોને ખુબ જ મઝા પડી.બાળકોએ ઉત્સાહભેર વિવિધ પ્રવૃતિમાં ભાગ લીધો.મુલાકાતી બાળકોની પ્રવૃતિથી પ્રભાવીત થયા.અને બાળકોને પુરસ્કાર્યા.

ઘો.૬ થી ૮ માટેના " જીવનકૌશલ્ય મેળા"ના કન્વીનર તરીકે શાળાના આચાર્યશ્રી અશોકભાઇ જોષીએ ફરજ બજાવેલ.શ્રી સી.બી.સુદાણીના માર્ગદર્શન તળે સંકલનમાં રહી ઘો.૬ થી ૮ ના બાળકોએ બાળમેળાને સફળ બનાવેલ.એસ. એમ.સી.ના સભ્યશ્રી અરૂણભાઇ બુટાણી દ્વારા તમામ બાળકોને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ.

આચાર્ય
શ્રી ભેંસવડી પ્રાથમિક શાળા
તા.લીલિયા જિ.અમરેલી

E:\ભેંસવડી પ્રા.શાળા-ગિરનારી\પત્ર.docx





Page :
Date :

તા : ૧૬/૨/૨૦૧૬

## પ્રતિભાવ


ધોરણ ૧ થી ૫ - બાળમેળો
ધોરણ ૬ થી ૮ જીવન કૌશલ્ય (લાઇફ સ્કીલ) મેળો

આજ ખડખંભાળીયા પ્રા. શાળામાં બાળમેળો અને જીવન કૌશલ્ય (લાઇફ સ્કીલ) મેળો યોજાયો હતો. જેમા મેં ગ્રામ્ય પ્રેરક તરીકે હાજરી આપી હતી. આજે શાળામાં સરસ મજાની બધી પ્રવૃતિ કરવામાં આવી. જેમા ૧ થી ૫ ધોરણનાં વિદ્યાર્થીઓને જુદા જુદા ધોરણવાઇઝ ગ્રુપ બનાવીને બધા વિદ્યાર્થીને અલગ અલગ પ્રવૃતિ સોંપવામાં આવી. જેમાં અમુક વિદ્યાર્થીએ માટીમાંથી સરસ મજાના રમકડા બનાવ્યા. મટુકીમાં અલગ અલગ કલરના સ્ટોન લગાડવામાં આવ્યા. અમુક વિદ્યાર્થીએ કલરવાળા કાગળમાંથી ઘણી ડીઝાઇનના ગુલાબ, વગેરે બનાવ્યા. અમુક વિદ્યાર્થીએ કાગળમાં ચિત્ર દોરીને તેમા કલરવાળા ચાંદલા ચોંટાડવાની પ્રવૃતિ કરી. ૬ થી ૮ ધોરણના વિદ્યાર્થી

ધોરણ ૬ થી ૮ માં વિદ્યાર્થીઓ પણ ગ્રુપમાં બેસી જુદી જુદી પ્રવૃતિ કરતા હતા. કંકોત્રિમાંથી કાર્ડ બનાવવા, ફૂલ પોથી બનાવવી, માટીના રમકડા, ગેસ સીલીન્ડર જોડવું, કુકરનો ઉપયોગ, સુશોભિત મારલી બનાવવી, દિવાલમાં ખીલી ચોંટાડવામાં, રમુજી ટુચકા, હાસ્ય વાર્તા જેવી વિવિધ પ્રવૃતિ કરતા મેં જોયા. બાળકો હોંશે હોંશે પ્રવૃતિ કરતાં હતા. આમ શાળામાં ખુબ સરસ પ્રવૃતિ થાય છે.

વાળા સોનલબેન ડી.
ગ્રામ્ય પ્રેરક.


મેળાની મોજ



નાનાગોખરવાળા પ્રાથમિક શાળા
મસ્તીકા મેલા
તા.૮-૭-૧૬
તૈયાર કરનાર
હરેશકુમાર ગોહેલ
આ.શિ. નાનાગોખરવાળા

# મને બાળમેળો કેવો લાગ્યો?

## નાનાગોખરવાળા પ્રાથમિક શાળા તા.જિ.-અમરેલી

નામ:- નાનજીભાઈ ડી. સાંગાણી હોદો S.M.C તારીખ:-૮/૭/૧૬

તમારું મંતવ્ય [√] માં ખરાનું નિશાન કરી જણાવો



# આભાર